# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-10-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## વિકાસ સપ્તાહ ખાત મુર્હત:

રાજ્યભરમાં વિકાસરથના માધ્યમથી ગત પાંચ દિવસમાં 483 કરોડ રૂપિયાથી વધુના નવ હજાર 254 કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ફરી રહેલા વિકાસરથના માધ્યમથી વિવિધ યોજનાના 23 હજાર 600થી વધુ લાભાર્થીને 44 કરોડ 67 લાખ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કરાયું. સાથે જ વિકાસ રથમાં એક લાખ 70 હજારથી વધુ લોકોએ જોડાઈ વિકાસ સપ્તાહ હેઠળ ભારત વિકાસ શપથ લીધા.

રાજ્ય સરકારના 34 વિકાસ રથ સાથે રાજ્ય મંત્રીમંડળના સભ્ય, સાંસદ અને ધારાસભ્યો ઉપરાંત સાત હજાર 200થી વધુ સ્થાનિક પદાધિકારી અને અધિકારીઓ તથા એક લાખ 72 હજારથી વધુ નાગરિક જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## પુર્વ કચ્છ પોલીસની દિવાળી અંગે અપીલ:

દિવાળીના પાવન પર્વ નિમિત્તે સુરક્ષિત રહી આ પર્વને ઊજવવા પૂર્વ કચ્છ પોલીસે જુદી-જુદી બાબતો અંગે લોકોને અપીલ કરી છે. દિવાળી પ્રસંગે બજારોમાં ભીડનાં કારણે ખરીદી સમયે દાગીના, પાકિટ, વગેરેની ખાસ કાળજી રાખી પોતાનાં વાહન વ્યવસ્થિત, સુરક્ષિત જગ્યાએ પાર્ક કરવા, બેંક, એ.ટી.એમ., આંગડિયા પેઢીમાં નાણાં ભરવા ઉપાડતી વખતે કોઈ વોચ રાખતું નથી તેની ખાતરી કરવી તથા કોઈ નજર ચૂકવી તેની તફડંચી ન કરે તેની ખાસ તકેદારી રાખવી. આવા શંકાસ્પદ શખ્સો જણાય તો લોકોનું ધ્યાન દોરી પોલીસને જાણ કરવી,

આંગડિયા પેઢી સંચાલકો, વેપારીઓએ પોતાની પેઢી, કચેરીમાં સી.સી.ટી.વી. કેમેરા ચાલુ હાલતમાં રાખવા, મોટી રકમની હેરફેર વખતે ત્રણથી વધુ લોકોએ સાથે જવું અને ટુ-વ્હીલરનો ઉપયોગ ટાળવો તેવી અપીલ પોલીસે કરી છે. ઘર બંધ કરી ખરીદી કરવા અથવા બહારગામ જતી વખતે કિંમતી સામાન, દાગીના લોકરમાં મૂકવા અથવા સુરક્ષિત જગ્યાએ મૂકવા, ઘરમાં સીસીટીવી લગાવી, સોસાયટી વિસ્તારમાં દિવસ દરમ્યાન ફેરિયા, સેલ્સમેન, ભંગારવાળા વગેરે શંકાસ્પદ શખ્સો જણાય તો સાવધાની રાખી ત્વરિત પોલીસને જાણ કરવી, બજારમાં ટ્રાફિક નિયમોનું પાલન કરી પોલીસને સહકાર આપવો વગેરે અપીલ પૂર્વ કચ્છ પોલીસે કરી હતી.

---

## માંડવી નગર સેવા સદન દ્વારા  નિર્દશન કેમ્પ:

માંડવી નગર સેવા સદન દ્વારા દિવાળીના પર્વને ધ્યાનમાં રાખી નાગરિકોને આગ લાગે તો શું કરવું અને અગ્નિશામક યંત્રનો ઉપયોગ કેવી રીતે કરવો, જેથી કરીને મોટી દુર્ઘટનાથી બચી શકાય તે માટે માંડવી મામલતદાર કચેરી અને માંડવી પોલીસ સ્ટેશનનાં સહયોગથી નિદર્શન કેમ્પ  આવતીકાલે સાંજે ૫-૦૦ વાગ્યે અનાજના જથ્થા બંધ બજાર ચોકમાં રાખવામાં આવેલ છે. બપોરે માંડવી નગરપાલિકા કચેરી ખાતે ફાયર બ્રિગેડ વાહનને નગરપાલિકા અધ્યક્ષ હરેશ વિંઝોડા લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. જે વિવિધ રસ્તાઓ પર ફરી કાંઠા વાળા ચોક ખાતે  આવી પહોચશે. જ્યાં ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગ બુઝાવાવામાં આવશે. તેમજ અગ્નિશામક યંત્રનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે તેનું સ્થળ પર નિદર્શન કરવામાં આવશે. જેનો સર્વે નાગરિકો અને વેપારીઓએ નિદર્શન કેમ્પનો લાભ લેવા માંડવી નગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવે છે.

---

## દિવાળી પુર્વે બજારમાં ચહલ પહલ:

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા રહ્યા છે, ત્યારે  મહાપર્વ તરીકે ઓળખાતા દિવાળીના તહેવાર માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ બજાર સજ્જ થઈ છે. અન્ય ચીજવસ્તુઓની માફક નવાં કપડાંની ખરીદી માટે બજારમાં ચહલ - પહલ જોવા મળી રહી છે. રંગોળીના રંગો,લાભ

શુભ અને રંગોળી સ્ટીકર,રોશની માટે વિવિધ રંગબેરંગી લાઈટોની સીરીઝ, પુજા પાઠની સામગ્રી, ઘર વપરાશની નવીન ઉપકરણો,પગરખા સહિતની વસ્તુઓની ખરીદી માટે બજારમાં ભીડ જોવા મળી રહી છે.આ ઉપરાંત વિદેશમાં રહેતા એનઆરઆઈ લોકો પણ સ્થાનિક દુકાનોની શોસિયલ મીડીયા પર આવતી જાહેરાત મારફતે કપડાં પસંદ કરી પાર્સલ કરવતાં સ્થાનિક તૈયાર કપડાંની બજારને ફાયદો થયો હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

---

## મહિલા વિશ્વ કપ ક્રિકેટ:

મહિલા વિશ્વ કપની રસાકસી ભરી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતની મહિલા ટીમને 3 વિકેટ થી હાર આપી હતી. વિશાખા પટનમ ખાતેની મેચમાં ભારતના 330 રનના જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 7 વિકેટ ગુમાવી331 રન કરી મેચ જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયાની મહિલા ખેલાડી હિલીએ 143 રન કર્યા હતા. એ અગાઉ ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી ભારતની ટીમને દાવ લેવા મેદાનમાં ઉતારી હતી. ભારત ની ટીમે પહેલો દાવ લઈ 330 રન કર્યા હતા જેમાં સ્મૃતિ મંધનાના 80 અને પ્રતિકા રાવલના 75 રન મુખ્ય હતા.

---

## મિશ્ર હવામાન:

જીલ્લામાં વાતાવરણમાં ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. આ વખતે શિયાળો નિર્ધારિત સમયથી વહેલો બેસે અને લાંબો ચાલે તેવાં હવામાનશાત્રીઓના અનુમાન વચ્ચે લોકો હાલ તો મિશ્ર હવામાનનો અનુભવ કરી રહ્યા છે. અંજાર-ગાંધીધામમાં લઘુત્તમ ઉષ્ણતામાન 19.9 ડિગ્રીએ પહોંચતાં લોકોએ ફૂલગુલાબી ઠંડક અનુભવી હતી.

રાજ્યમાં અંજાર-ગાંધીધામ ચોથા નંબરનું ઠંડું મથક બન્યું હતું. તો બીજી બાજુ જિલ્લા મથક ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન 34.4 ડિગ્રીએ પહોંચતાં ભુજ રાજ્યનું ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું. દિવસના ભાગે લોકોએ તાપ અને ગરમી અનુભવ્યા બાદ રાત ઢળતાં જ ઠંડકનો અનુભવ થયો હતો.

---